**C.C.NO.-09/2025**

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૯/૧૨/૨૦૨૫ |
| રજીસ્ટર્ડ તારીખ | ૧૯/૧૨/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૨૯/૬/૨૦૨૬ |
| સમયગાળો | |

**સાણંદના મહેરબાન એડી.જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં,મું: સાણંદ સમક્ષ.**

**ક્રિમી.કેસ.નંબર : ૦૯/૨૦૨૫**

આંક :

| **ફરિયાદી** |
|---|
| શ્રી સ ર કા ર |

**વિરૂધ્ધ**

| **આરોપી** |
|---|
| ૧. (૧)શીવરામભાઈ ચેહુભાઈ કો.પટેલ<br>રહે. લેખંબા બુટ ભવાની માતાના મંદીર પાસે તા. સાણંદ જી. અમદાવાદ<br>(૨) સુરેશભાઈ રમણભાઈ કો.પટેલ<br>રહે. ફાંગડી જુડાવાળા રોડ તા. સાણંદ જી. અમદાવાદ<br>(૩) પ્રતાપસિંહ વીક્રમભાઈ વાઘેલા<br>રહે.વીડજ કડી કલ્યાણપુર રોડ ટજય માતાજી હોટલની પાછળ તા. કડી જી.મહેસાણા |

| | |
|---|---|
| **ગુનો** | **પ્રોહી.એકટ કલમ–૬૫(ઈ),મુજબ.** |

| | |
|---|---|
| ફરિયાદી તરફે વિ. એ.પી.પી.શ્રી | એન.આર.રાણા |
| આરોપી તરફે વિ.વકીલશ્રી | એમ.કે.મીર |

## // ઠરાવ //

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તારીખ ૧૮/૧૨/૨૦૧૯ ના કલાક ૧૮/૦૦ વાગે મોજે ફાંગડી ગામેથી જાંબુથ ગામ જવાના રોડ ઉપર આરોપી શીવરામભાઈ ચેહુભાઈ કો.પટેલ ની અંગ ઝડતીમાંથી ભારતીય બનાવટ રોયલ જનરલ વ્હીસ્કી બોટલ નંગ ૦૧ કીંમત રૂ.૫૦૦/- સાથે પકડાય ગયેલ અને સદર બોટલ આરોપી સુરેશભાઈ રમણભાઈ કો.પટેલ પાસેથી લાવેલ હોય જેથી મુદામાલ સાથે પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ - ૬૫(ઈ), તે મતલબની ફરિયાદીની ફરિયાદ ઉપરથી પોલીસે જરુરી તપાસ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામે આરોપીને અત્રેની કોર્ટ દવારા સમન્સ કરતા, આરોપીઓ અત્રેની કોર્ટમાં ઉપસ્થિત થતા, આરોપી વિરુધ્ધ તહોમતનામું આંક: ૦૫ થી ફરમાવીને આરોપીને પોતાના ઉપર મુકવામાં આવેલ આરોપ વિશે પુછવા આરોપીની આંક - ૬, ૧૦ અને ૧૧ લગત પ્લી/નિવેદન નોંધતા આરોપીએ પોતાની ઉપર આક્ષેપાયેલ ગુનાનો ઈન્કાર કરેલ હોઈ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદી તરફે તેઓનો કેસ તેઓએ યોગ્ય પુરાવો રજુ કરી પુરવાર કરવાનો રહે છે અને તે સારુ ફરિયાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે અને તે નીચે મુજબ છે.

## ફરિયાદી તરફે રજુ મૌખિક પુરાવો.

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચસાહેદ  સુરેશભાઈ મહાદેવભાઈ સોલંકીની જુબાની | ૧૩ |
| ૨. | પંચસાહેદ સુખદેવભાઈ વીક્રમભાઈ ડાભીની જુબાની | ૧૫ |
| ૩. | ત.ક.અ જશવંતભાઈ મફતભાઈની જુબાની | ૩૨ |

## ફરિયાદી તરફે રજુ દસ્તાવેજી  પુરાવો.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામુ | ૧૪ |
| ૨. | ફરીયાદ | ૩૩ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખીક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા,આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો મળી આવતા,આ કામે આરોપીનુ સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ  છે. ત્યારબાદ સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની દલીલો સાંભળી તેમજ આરોપી તરફે વિઘ્વાન વકીલ શ્રી ની દલીલો સાંભળવામા આવી.

(૫) પક્ષકારો તરફે પુરાવો પુરો થયા બાદ બંને પક્ષના વિ.વ.શ્રીની રજુઆત સાંભળી તેમજ રજૂ પુરાવો વંચાણમા લીધો, ઉપરોકત હકીકત ને લક્ષ્ય મા લેતા  સદરહુ  કેસના આખરી નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

## –: મુ દૃા ઓ :–

**C.C.NO.-09/2025**

૧. શું ફરિયાદીપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસર વગર પાસ પરમીટ ભારતીય બનાવટ રોયલ જનરલ વ્હીસ્કી બોટલ નંગ ૦૧ કીંમત રૂ.૫૦૦/-ં મુદામાલ સાથે રાખી પકડાઈ જઈ, પ્રોહી એકટની કલમ – ૬૫(ઈ) મુજબનો શીક્ષા ને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

**-: નિ ર્ણ ય :-**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો :-**

(૮) **મુદ્દા નં.૧.**

ફરિયાદપક્ષ તરફે આંક – ૧૩ થી પંચસાહેદ સુરેશભાઈ મહાદેવભાઈ સોલંકીનાઓને તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે આશરે પાંચ છ વરસ પહેલા પોલીસે તેઓને પંચ તરીકે બોલાવેલા અને એક તૈયાર કાગળમા સહી કરાવેલી તે લખાણ શેનું હતું તેની તેઓને કોઈ જાત માહીતી નથી તથા તે કાગળ તેઓને કોઈએ વાંચી સંભળાવેલ નથી તથા તેઓની હાજરીમા કોઈ પંચનામુ કરવામા આવેલ નથી .તેઓએ તૈયાર પંચનામામાસહી કરેલી જેને તેઓ આળખી બતાવે છે જે આંક ૧૪ થી રજુ છે આ સીવાય તેઓ કશું જાણતા નથી.

આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા તેમા પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

જયારે સદર ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ માત્ર તૈયાર પંચનામામા સહી કરેલી તે સીવાય તેઓ બીજુ કશું જાણતા નથી.

આંક ૧૫ થી પંચસાહેદ સુખદેવભાઈ વીક્રમભાઈ ડાભીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે આશરે પાંચ છ વરસ પહેલા પોલીસે તેઓને પંચ તરીકે બોલાવેલા અને એક તૈયાર કાગળમા સહી કરાવેલી તે લખાણ શેનું હતું તેની તેઓને કોઈ જાત માહીતી નથી તથા તે કાગળ તેઓને કોઈએ વાંચી સંભળાવેલ નથી તથા તેઓની હાજરીમા કોઈ પંચનામુ કરવામા આવેલ નથી .તેઓએ તૈયાર પંચનામામા સહી કરેલી જેને તેઓ આળખી બતાવે છે જે આંક ૧૪ થી રજુ છે આ સીવાય તેઓ કશું જાણતા નથી.

૮.૧. વધુમા સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા તેમા પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

જયારે સદર ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ માત્ર તૈયાર પંચનામામા સહી કરેલી તે સીવાય તેઓ બીજુ કશું જાણતા નથી.

આ કામે આંક –૩૨ થી ત.ક.અ. જશવંતસિંહ મફતભાઈ નાઓને તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, તેઓ સાણંદ પો.સ્ટેમા ફરજ બજાવતા હતા દરમીયાન તારીખ ૮/૧૨/૨૦૧૯ ના રોજ પેટ્રોલીંગમા

હતા તે દરમીયાન અ.પો.કો ઈન્દ્રસિંહ નીરુભાનાઓને બાતમી મળેલ કે એક ઈસમ ઈંગ્લીશ દારુની બોટલ લઈને ફાંગડી ગામેથી જંબુથળ જવાના રોડ ઉપર ઉભેલ છે.જેથી તેઓએ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી સદર બાતમી વાળી જગ્યાએ જતા ઈસમ ત્યાં હાજર મળેલ પંચો રૂબરુ તેનુ નામ પુછતા પોતે પોતાનુ નામ શીવરામભાઈ ચેહુભાઈ કો.પટેલ હોવાનુ જણાવેલ અને સદર ઈસમની અંગઝડતી કરતા ભારતીય બનાવટના વીદેશી દારુની એક બોટલ મળી આવેલ જે રોયલ જનરલ રીસર્વ વ્હીસ્કી ખાસા ડીસ્ટરલીસ અમૃતસર પંજાબ બનાવટની ૭૫૦ મીલીની હતી જેની ૦૧ બોટલની કીંમત રૂ.૫૦૦/– ની ગણાય જે મળી આવેલ .સદર ઈસમ પાસેથી બોટલ રાખવાનુ પાસ પરમીટ માગતા પોતાની પાસે નહીં હોવાનુ જણાવેલ. જેને દારુ વીશે પુછતા પોતે ફાંગડી ગામના સુરેશભાઈ રમણભાઈ પાસેથી લાવેલ હોવાનુ જણાવેલ .જેથી પકડાયેલ ઈસમને સાથે રાખી સદર ઈસમના ઘરે જઈ તપાસ કરતા સદર ઈસમ ઘરે હાજર મળી આવેલ નહીં. જેથી પકડાયેલ વીદેશી બોટલને એફ.એસ.એલ અથે મોકલી આપેલ બાદ આ અંગેનુ કલાક ૧૭/૧૫ થી ૧૮/૦૦ સુધીનુ વીગતવારનું પંચનામુ કરી ૭૫૦ મીલીની રીસર્વ વ્હીસ્કી ખાસા ડીસ્ટરલીસ અમૃતસર પંજાબ બનાવટની દારુની બોટલ નંગ ૧ જેની કીંમત રૂ.૫૦૦/–ના મુદામાલ કબજે કરેલ. આ કામની ફરીયાદ અ.પો.કો ઈન્દ્રસિંહ નીરુભાનાઓએ આપેલ જે તેઓના સહકર્મચારી થતા હોય તેઓની સહી પોતે આળખી શકે છે જે .ફરીયાદ તેઓને બતાવામા આવે છે જે આંક ૩૩ થી રજુ છે. બાદ તેઓને તપાસ સોંપતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલ તથા આરોપી વીરુદધ પુરતા પુરાવા જણાઈ આવતા નામ.કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ.

જયારે સદર ત.ક.અ.ની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને ઈન્કારેલ છે કે, સાહોદોના નીવેદનો અમોએ જાતે લખી લીધેલ . એ વાત ખરી છે કે મુદામાલ મળેલ સ્થળે નાકોઈ માલીકી અંગેના પુરાવા આ

કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે સદર કામે પુરતો પુરાવો નહી હોવા છતાં આરોપી વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે . માત્ર સારી કામગીરી દર્શાવવા ખોટુ ચાર્જશીટ કરેલ છે .

(૯) આમ, આ કામે આરોપીઓ વિરુધ્ધ લગાવવામાં આવેલ તહોમત તથા કેસ સંદર્ભે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા, આ આરોપીએ પોતાના કબજામાં વગર પાસ પરમીટે દારૂનો જથ્થો રાખેલ હોય અથવા તો મુખ્ય ગુનાના કામે સીધી કે આડકતરી રીતે આરોપીઓની સંડોવણી ફરીયાદપક્ષે પુરવાર કરવાની રહે છે. હાલના કામે આરોપીના પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાંથી મળી આવેલ હોવાનું કે તે ગુના બાબતે આરોપીની સીધી કે આડકતરી રીતે સંડોવણી હોવાનું પુરવાર થવું જોઈએ, પરંતુ કબજે થયેલ મુદામાલ બાબતે બચાવપક્ષ ધ્વારા તે વિરુધ્ધની કોઈ હકીકત કે પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમા ૧૧૬(બી) મુજબ એફ.એસ.એલ.મા મુદામાલ મોકલાવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ નથી તથા તે મુજબ કોઈ પૃથ્થકરણ રીપોર્ટ પણ રજુ રાખેલ નથી જેથી મુદામાલ શુ કબજે થયો છે તે પુરવાર થઈ શકતુ નથી.

આ ઉપરાંત આ સમગ્ર કેસની હકીકતો જોતા ફરિયાદપક્ષ ધ્વારા આ કામે ફકત પોલીસ સાહેદ તપાસેલા છે, જયારે પ્રોસિકયૂશનના કેસ મુજબ કહેવાતા બનાવ સ્થળની જગ્યા જાહેર જગ્યા છે ત્યાં લોકોની તથા ઘણાબધા વાહનોની અવરજવર રહે છે, તો પ્રોસિકયૂશન પોતાનો કેસ સાબિત કરવા સ્વતંત્ર સાહેદોને તપાસી શકયુ હોત. તેટલું જ નહીં પણ ફરિયાદપક્ષના કેસ મુજબ જે પંચની રૂબરૂમાં દારૂની બોટલો કબ્જે કરવામાં આવેલ તે પંચની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પોલીસના બોલાવવાથી પંચ તરીકે હાજર રહેલ, તેઓએ તૈયાર પંચનામામા સહી કરેલ તે સિવાય પંચનામા બાબતે કઈ જાણતા નથી તેમજ આ પંચ સાહેદોની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામા સહી

કરેલ, તે સિવાય અન્ય કોઈ બાબત જાણતા નથી, આમ આ પંચસાહેદ સદર પંચનામાની હકિકતોને બિલકૂલ સમર્થન આપતા નથી. તેમજ હાલના કામે જે પોલીસ સાહેદો તપાસવામાં આવેલા છે તે હિત ધરાવતા સાહેદ હોય અને તેઓએ તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી તેઓના પુરાવામાં જણાવેલ હોય તેથી જ્યાં સુધી આવા સાહેદના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી નિ:શંકપણે માની શકાય નહી. આમ આ કામના આરોપીએ કોઈ પણ જાતના પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબ્જાનો મુદામાલ વગર પાસ પરમીટે રાખી દારુની બોટલ નંગ ૦૧ કીંમત રૂ.૫૦૦/- ના મુદામાલ સાથે પકડાઈ ગયેલ હોવા બાબતે રેકર્ડ પર કોઈ ઠોસ પુરાવો આવેલ ન હોય તે બાબત પુરવાર થતી ન હોય, ફરીયાદપક્ષના કેસ મુજબનો કોઈ ગુનો સાબીત થતો ન હોય મુદદા નં. ૧ નો જવાબ '**નકાર**' માં આપુ છું. અને મુદદા નં.૨ અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ ફરમાવુ છુ.

## <u>હુકમ</u>

**૧.** આ કામના આરોપીઓ (૧) શીવરામભાઈ ચેહુભાઈ કો.પટેલ રહે. લેખંબા બુટ ભવાનીમાતાના મંદીર પાસે તા.સાણંદ જી.અમદાવાદ (૨) સુરેશભાઈ રમણભાઈ કો.પટેલ રહે. ફાંગડી જુડાવાળા રોડ પાસે તા.સાણંદ જી.અમદાવાદ (૩) પ્રતાપસિંહ વીક્રમભાઈ વાઘેલા રહે.વીડજ કડી કલ્યાણપુરા રોડ ટજય માતાજીના હોટલ પાછળ તા.કડી જી. મહેસાણા નાઓને ધી પ્રોહી.એકટની કલમ - ૬૫ (ઈ), મુજબના ગુનાના સબબ ક્રિ.પો.કો.ની કલમ - ૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

**૨.** ક્રી.પ્રો.કોડ કલમ - ૪૩૭ (એ)(૧) મુજબ, સંભવિત અપીલના હેતુ માટે, ફરમાવવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલતમાં હાજર થવા માટે દરેક આરોપીએ રૂ.૫,૦૦૦/-(અંકે રુપિયા પાંચ હજાર પુરાના) જામીન તથા તેટલી જ રકમ ના જાતમુચરકા છ માસના સમયગાળા માટે રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૯ મી, માહે જુન ,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી ઘોષીત કર્યો.

સ્થળ – સાણંદ

તા.૨૯/૬/૨૦૨૬

(એ.પી.દવે)

એડીશ્નલ જ્યુ. મેજી.ફ.ક.

સાણંદ.

(JUDGE CODE GJ01678)